જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૨૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૫૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૬૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૬**

દરીયાપુરઃ દિનેશભાઇ વિજયકુમાર ગીદવાણી (રહે. ગાલા ગાર્ડીનર, સફલ પરિસર–૧ પાસે, સાઉથ બોપલ) એ તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નગારચી ભરતભાઈ રમેશભાઇ (રહે.ગુજ.સ્ટીલ ટ્યુબ્સ સોસાયટી ગીતાંજલી ઇન્ડીયન ઓઇલ ગેટની સામે ડી–કેબીન ઓફિસ નંબર–૫ તિરૂપતિ કોમ્પલેક્ષ બીજા માળે કાલુપુર લાટ સામે કાલુપુર) (૨) રાકેશ રાધેશ્યામ માલીવાલ (રહે,ગીરીવર રેસીડન્સી યોગેષ્વર પાર્ક સામે વસ્ત્રાલ) અને (૩) કુસુમ વા/ઓ રાકેશ રાધેશ્યામ માલીવાલ (રહે,ગીરીવર રેસીડન્સી યોગેષ્વર પાર્ક સામે વસ્ત્રાલ) નાઓએ ભેગામળી દિનેશભાઇ ગીદવાણીને વિશ્વાસમાં લઇ તેમની કાલુપુર ચોખા બજાર ખાતે આવેલ "દિનેશકુમાર હિતેશકુમાર પેઢી" માંથી કિમત રૂપિયા ૬૦,૦૨,૭૫૫/– નું અનાજ ખરીદ કરી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.ચૌધરી ચલાવે છે.

દાણીલીમડાઃ અનશ સ/ઓ રીયાજઅહેમદ વ્હોરા (ઉ.વ.૨૬)(રહે.ફિરદોશનગર, ફિરદોશ મસ્જીદ પાછળ, અરોરા કમ્પાઉન્ડ સામે દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અનશ વ્હોરાના કોટક મહિન્દ્રાના બેંક ખાતામાંથી આરોપી અજાણ્યા UPI/verma printing/657544990062/UPI Verma Printing ના ધારકે રૂપિયા ૩૦,૦૦૦/– તથા UPI/SHAHEEN BEGUMAB/657544988736/K4Xi Shaheen Begumabdul Shakir ના ધારકે રૂપિયા ૩૦,૦૦૦/– તથા UPI/VIKRAM VISHNOI /657544989311/ 1785238203WB223 Vikram Vishnoi ના ધારકે રૂપિયા ૩૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૪,૦૦૦/– કોઇ અજાણી વ્યક્તિએ સોશીયલ મીડીયા એપના ઉપયોગથી અનશ વ્હોરાના ખાતામાંથી ઉપાડી લઈ અનશ વ્હોરા સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

એલીસબ્રીજઃ આંબાવાડી આંબેડકર કોલોની ખાતે ભાડાના મકાનમાં રહેતા રાકેશભાઈ બાબુભાઈ બારોટ (ઉ.વ.૪૦) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં હિંચકાના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને શેઠ વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપક બાબુરાવ ચલાવે છે.

ઈસનપુરઃ મનોજભાઇ નાનુભાઇ ચુનારા (ઉ.વ.૫૬)(રહે.રામગીરીના છાપરાં ચુનારાવાસ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

નિકોલઃ ભાવનાબહેન વા/ઓ હિતેન્દ્રકુમાર પટેલ (ઉ.વ.૪૦)(રહે. સત્વ–૫ યશ ફ્લોરા સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી